# હેલ્થ જન્મ-મરણ વિભાગ
# આરોગ્ય ખાતુ
# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ટેલિફોન :- ૦૭૯-૨૫૩૯૦૬૫૧

આરોગ્ય ભવન, એસ.ટી.બસ સ્ટેન્ડ, સામે, આસ્ટોડીયા
દરવાજા રોડ, ગીતા મંદિર, અમદાવાદ.

## માહિતી અધિકાર અધિનિયમ અનુસાર પ્રો-એકટીવ ડીસ્કલોઝર

**(૧) વ્યવસ્થાતંત્ર,કાર્યો અને ફરજો :-**

રસીકણ વિભાગ તથા જન્મ-મરણ-લગ્ન વિભાગના મુખ્ય અધિકારી " સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ વેકસીનેશન એન્ડ રજીસ્ટ્રાર ઓફ બર્થ્સ એન્ડ ડેથ્સ " છે. તેમના હાથ નીચે અને તેમના માર્ગદર્શન અનુસાર વેકસીનેટર-કમ-કલાર્ક, મલ્ટીપરપઝ હેલ્થ વર્કરો તથા જુનીયર કલાર્કો દ્વારા રસીકરણ અંગેની કામગીરી,જન્મ-મરણ લગ્નનોંધણી અંગેની કામગીરી કરવામાં આવે છે.

ઉપરોકત કર્મચારીઓ દ્વારા જન્મ-મરણ-લગ્ન રજીસ્ટ્રેશન, જન્મ-મરણ-લગ્ન પ્રમાણપત્રોમાં સુધારા-વધારા કરવા, તેનું કોમ્પ્યુટરાઈઝેશન કરવું, વિવિધ પ્રકારની રસીઓ આપવી વગેરે કામગીરી કરવામાં આવે છે.

**(૨) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો :-**

સીનીયર કલાર્ક,જુનીયર કલાર્ક,વેકસીનેટર-કમ-કલાર્ક,મલ્ટીપરપઝ હેલ્થ વર્કર વગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય અને ન્યાયી રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું તે રજીસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવે છે.

| નં. | હોદ્દો | કામગીરી |
|---|---|---|
| ૧ | સુપ્રિ.ઓફ વેકસીનેશન એન્ડ આર.બી.ડી. | સીનીયર કલાર્ક,જુનીયર કલાર્ક,વેકસીનેટર-કમ-કલાર્ક,મલ્ટીપરપઝ હેલ્થ વર્કર વગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય અને ન્યાયી રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું. |
| ૨ | સીનીયર કલાર્ક | પોતાના હાથ નીચેના દરેક કર્મચારીને જરુરી માર્ગદર્શન આપવું તથા ખાતાની વહીવટીય કામગીરી સંભાળવી. |
| ૩ | વેકસીનેટર-કમ-કલાર્ક | જન્મ-મરણ-લગ્ન રજીસ્ટ્રેશન કરવું તથા જન્મ-મરણ સર્ટિફિકેટ આપવા તેમજ રસીકરણ અંગેની કામગીરી કરવી. |
| ૪ | જુનીયર કલાર્ક | જન્મ-મરણ-લગ્ન પ્રમાણપત્રોમાં સુધારા-વધારા કરવા,તેનું કોમ્પ્યુટરાઈઝેશન કરવું, તેની નકલો આપવી તથા અન્ય વહીવટીય કામગીરી કરવી. |
| ૫ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | રસીકરણ અંગેની કામગીરીમાં મદદ કરવી તથા જન્મ-મરણ-લગ્નની નોંધણીને લગતી અન્ય કામગીરીમાં મદદ કરવી. |
| ૬ | નોંધણીદાર | સ્મશાનગૃહોમાં મરણની નોંધણી કરવી તથા સ્મશાનગૃહોને લગતી વ્યવસ્થા સાચવવી. |

**(૩) નિર્ણય લેવાની કાર્યરીતી :-**

જુનીયર કર્મચારીઓ દ્વારા જરુરી પુરાવા ચકાસી અરજીઓ સ્વીકારવામાં આવે છે.તે ચકાસણી બાદ રજીસ્ટ્રાર(જન્મ-મરણ)શ્રી દ્વારા મંજુર કરવામાં આવે છે.સ્વીકારવામાં આવેલ દરેક અરજીનો નિયત સમયમર્યાદામા (દિન-૧૫)માં નિકાલ કરવામાં આવે છે.

(૪) **નક્કી કરેલા ધોરણો :-**

જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯, અનુસાર નિયત કરાયેલ નિયમો અને માર્ગદર્શિકા અનુસાર જન્મ-મરણ નોંધણીની તથા રાષ્ટ્રીય રસીકરણ મિશન અનુસાર રસીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે.

(૫) **નિયમો,વિનિયમો,સુચનાઓ,નિયમસંગ્રહો અને રેકર્ડ :-**

જન્મ-મરણ રજીસ્ટરો વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૭ તથા ચાલુ વર્ષના જે તે વોર્ડ ઓફિસે રાખવામાં આવે છે. તે સિવાયના તમામ જુના રજીસ્ટરો સેન્ટ્રલ રેકર્ડ વિભાગ ખાતે રાખવામાં આવે છે.

(૬) **દસ્તાવેજોના વર્ગોનું પત્રક :-**

૧.જન્મ રજીસ્ટરો
૨.મરણ રજીસ્ટરો
૩.લગ્ન રજીસ્ટરો
૪. સ્મશાનગૃહોમાંના મરણ રજીસ્ટરો
૫.રસીકરણ અંગેના રજીસ્ટરો
૬.જન્મ-મરણ નોંધમાં સુધારા અંગેના રજીસ્ટરો
૭.ઠરાવ રજીસ્ટરો

(૭) **નીતિ તથા અમલીકરણના સંદર્ભેમાં જનતા માટે ગોઠવણીની વિગતો :-**

જન્મ-મરણની નોંધણી અંગેના નિયમો સબંધિત માહિતી જાહેર જનતાને મળી શકે તે રીતે જે તે વોર્ડની ઓફિસે તથા જન્મ-મરણની મુખ્ય ઓફિસે બોર્ડ મુકવામાં આવેલ છે.સ્મશાનગૃહોમાં પણ જરુરી માહિતી અંગે બોર્ડ મુકવામાં આવેલ છે.

(૮) **બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને કાર્યનોંધો :- ———————**

(૯) **અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-**

| નં. | અધિકારી/કર્મચારી | ફોન નંબર |
|---|---|---|
| ૧ | સુપ્રિ.ઓફ વેકસીનેશન એન્ડ આર.બી.ડી. | ૨૫૩૯૦૬૫૧ |
| ૨ | સીનીયર કલાર્ક | --- |
| ૩ | જુનીયર કલાર્ક | --- |

(૧૦) **અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર :-**

| નં. | અધિકારી/કર્મચારી | શીડયુલ મુજબ અધિકારી/કર્મચારીઓની સંખ્યા | પગારની ગ્રેડ |
|---|---|---|---|
| ૧ | સુપ્રિ.ઓફ વેકસીનેશન એન્ડ આર.બી.ડી. | ૧ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૨ | ડેથ વેરીફીકેશન મેડીકલ ઓફિસર | ૨ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૩ | સ્ટાફ નર્સ | ૧ | ૨૯૨૦૦-૯૨૩૦૦ |
| ૪ | સેનેટરી સબ ઇન્સપેક્ટર | ૧ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૫ | સીનીયર કલાર્ક | ૧ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૬ | વેકસીનેટર-કમ-કલાર્ક | ૨૩ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૭ | આસી. લેબ સેકનીશીયન | ૩ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૮ | જુનીયર કલાર્ક | ૨૮ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૯ | નોધણીદાર | ૩ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૧૦ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | ૩૬ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૧૧ | વોચમેન | ૩ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |
| ૧૨ | પટાવાળા | ૫ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |
| ૧૩ | માળી કમ મજુર | ૮ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |
| ૧૪ | સફાઇ કામદાર | ૪ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |

## (૧૧) અંદાજપત્ર, યોજનાઓ અને ખર્ચની વિગતો :-

| નં. | બજેટ હેડ | ખર્ચ (રુપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | પગાર ખર્ચ | ૯૭૦.૪૯ |
| ૨ | યુનિફોર્મ | ૨.૦૦ |
| ૩ | ટેલિફોન તથા ટ્રંકકોલ | ૧.૦૦ |
| ૪ | પોસ્ટેજ તથા ટેલિગ્રામ | ૦.૪૦ |
| ૫ | સ્ટેશનરી | ૨૫.૦૦ |
| ૬ | કોમ્પ્યુટર સ્ટેશનરી | ૦.૨૫ |
| ૭ | પ્રિન્ટીંગ | ૧૦.૦૦ |
| ૮ | અન્ય ખર્ચા | ૨.૦૦ |
| ૯ | સ્મશાનગૃહ | ૯૫.૦૦ |
| ૧૦ | પંખા તથા લાઈટ ફીટીંગ્સ | ૦.૦૦ |
| ૧૧ | અન્ય વીજળી ખર્ચ(લાઈટ ખર્ચ) | ૧૬૦.૦૦ |
| ૧૨ | અગ્નિસંસ્કાર/દફનક્રિયા ખર્ચમાં ફાળો | ૩૦.૦૦ |
| | **કુલ** | **૧૨૯૬.૧૪** |

## (૧૨) આર્થિક સહાય કાર્યક્રમોના અમલ બજવણીની રીત :-

- જન્મ-મરણ પ્રમાણપત્ર પ્રથમ વખત વિના મૂલ્યે આપવામાં આવે છે.ત્યાર બાદ એક નકલ દીઠ રુ.૫૦/- ફી લેવામાં આવે છે જયારે ગરીબો માટે એક નકલ દીઠ રુ.૨૫/- ફી લેવામાં આવે છે.લગ્ન પ્રમાણપત્ર સમય અનુસાર નિયત કરાયેલ ફી લઈ આપવામાં આવે છે.ત્યાર બાદ એક નકલ દીઠ રુ.૧૦/- ફી લેવામાં આવે છે.
- સ્મશાનગૃહોમાં લાકડાના અગ્નિસંસ્કાર માટે એક મૃતદેહનો ચાર્જ રૂા.૮૮૮/- ટેન્ડરમાં મજુર થયેલ ભાવ પ્રમાણે લેવામાં આવે છે.જેમાં માત્ર ગરીબો માટે એક મૃતદેહનો ચાર્જ રુ.૩૬૦/- છે.

## (૧૩) છુટછાટો, રાહતો :-

- જન્મ-મરણ પ્રમાણપત્રની નકલ મેળવવા માટે ગરીબ લોકો માટે પુરાવા રજુ કરેથી એક નકલ દીઠ રુ.૨૫/- ફી લઈ આપવામાં આવે છે.
- સ્મશાનગૃહોમાં લાકડાના અગ્નિસંસ્કાર માટે ગરીબો માટે એક મૃતદેહનો ચાર્જ રુ.૩૬૦/-છે.જયારે બાકીની રકમ કોન્ટ્રાકટરને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચૂકવવામાં આવે છે.
- દરેક ધર્મના સાધુસંતોને અંતિમસંસ્કારની વિધિ મફત કરી આપવામાં આવે છે.આ અંગે અ.મ્યુ.કો.દ્વારા કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી.

**(૧૪) ઈલેકટ્રોનીક સ્વરુપમાં ઉપલબ્ધ માહિતીની વિગતો :-**

જન્મ-મરણ રજીસ્ટ્રેશનને લગતી વિગતો અ.મ્યુ.કો.ના ઈન્ટરનેટ " ahmedabadcity.gov.in " વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

**(૧૫) નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :-**

જન્મ-મરણ-લગ્ન મુખ્ય ઓફિસે તથા જુદા જુદા વોર્ડમાંના દરેક જન્મ-મરણ-લગ્નનોંધણી કેન્દ્ર તેમજ સ્મશાનગૃહો ઉપર માહિતી અંગેના બોર્ડ મુકવામાં આવેલ છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**જન્મ-મરણ-લગ્ન નોંધણી કેન્દ્રોના નામ/સરનામાં દર્શાવતું પત્રક**

| નં. | વોર્ડનું નામ | વોર્ડ ઓફિસનું સરનામું | કામગીરીના દિવસો |
|---|---|---|---|
| ૧ | શાહીબાગ | માધુપુરા અર્બન હેલ્થ સેન્ટર,બારદોલપુરા પ્રસૃત્તિગૃહ,લાકાજી હોલ પાસે | સોમ થી શનિ |
| ૨ | શાહપુર | શાહપુર અર્બન હેલ્થ સેન્ટર, શાહપુર ચકલા મે.હોમ, શાહપુર ચકલા | સોમ થી શનિ |
| ૩ | દરિયાપુર | દરિયાપુર અર્બન હેલ્થ સેન્ટર, પાર્વતીબાઈ પ્રસ્રુતિ ગૃહ,દરિયાપુર જોર્ડન રોડ, | સોમ થી શનિ |
| ૪ | જમાલપુર | જમાલપુર દરવાજા,ચનાવાલા પાસે,મરીયમ હોસ્પીટલની સામે, | મંગળ,ગુરૂ,શનિ |
| ૫ | ખાડીયા | ખાડીયા અર્બન હેલ્થ સેન્ટર, દેસાઈની પોળ, મ્યુ.ગૂજરાતી શાળા નં.૩૨ના મકાનમાં, બાલા હનુમાન પાસે | સોમ,બુધ,શુક્ર |
| ૬ | સરદારનગર | સરદારનગર અર્બન હેલ્થ સેન્ટર,સરદારનગર મસ્ટર સ્ટેશનના મકાનમાં,પોલીસ સ્ટેશન સામે | સોમ થી શનિ |
| ૭ | નરોડા | નરોડા અર્બન હેલ્થ સેન્ટર , મ્યુ. દવાખાનામાં, નરોડાગામ | સોમ થી શનિ |
| ૮ | કુબેરનગર | કુબેરનગર અર્બન હેલ્થ સેન્ટર,કિશનસિંહ તોમરના મકાનમાં, ભાર્ગવ રોડ, બી.જે. રો હાઉસ, કુબેરનગર. | મંગળ,ગુરૂ,શનિ |
| ૯ | સૈજપુરબોઘા | સૈજપુર અર્બન હેલ્થ સેન્ટર,રાજીવ ગાંધી ભવન પાસે,પેટ્રોલ પંપ ની લાઈનમાં,નરોડા રોડ | મંગળ,ગુરૂ,શનિ |
| ૧૦ | અસારવા | અસારવા અર્બન હેલ્થ સેન્ટર,ડિસ્પેન્સરીના મકાનમાં,હરિપુરાગામ અસારવા | મંગળ,ગુરૂ,શનિ |
| ૧૧ | ઈન્ડીયા કોલોની | પોટલીયા અર્બન હેલ્થ સેન્ટર, ચંદ્રપ્રસાદ હોલ પાસે,શ્રીજી સ્કૂલ પાસે, બાપુનગર | સોમ,બુધ,શુક્ર |
| ૧૨ | ઠક્કરબાપાનગર | ઠક્કરનગર અર્બન હેલ્થ સેન્ટર, મસ્ટર ઓફિસ,કેવડાજીની ચાલી | સોમ,બુધ,શુક્ર |
| ૧૩ | સરસપુર-રખિયાલ | સરસપુર અર્બન હેલ્થ સેન્ટર, મ્યુનિસિપિલ સ્મશાનગૃહ પાસે, મ્યુ.પ્રસુતિગૃહ પાસે,પોટલીયા ક્રોસ રોડ,સરસપુર | સોમ થી શનિ |
| ૧૪ | બહેરામપુરા | બહેરામપુરા અર્બન હેલ્થ સેન્ટર,ખોડીયારનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, | સોમ થી શનિ |
| ૧૫ | ઈન્દ્રપુરી | ઈન્દ્રપુરી અર્બન હેલ્થ સેન્ટર, સબ ઝોનલ ઓફિસ,બરોડા એક્સપ્રેસ હાઈવે પાસે, સીટીએમ | સોમ,બુધ,શુક્ર |
| ૧૬ | ખોખરા | ખોખરા અર્બન હેલ્થ સેન્ટર,રુક્ષ્મણીબેન પ્રસ્રુતિ ગૃહના મકાનમા,રમતસંકુલ પાસેં | સોમ થી શનિ |
| ૧૭ | મણિનગર | મણિનગર મસ્ટર ઓફિસના મકાનમાં,સીંધી માર્કેટ, રેલ્વે સ્ટેશન સામે,મણિનગર | સોમ થી શનિ |
| ૧૮ | દાણીલીમડા | દાણીલીમડા પ્રસ્રુતિ ગૃહ,પોલીસ સ્ટેશન સામે,દાણીલીમડા | સોમ થી શનિ |
| ૧૯ | લાંભા | લાંભા અર્બન હેલ્થ સેન્ટર,જુના લાંભા પંચાયતના મકાનમાં, લાંભા ગામ | સોમ થી શનિ |
| ૨૦ | ઈસનપુર | ઘોડાસર અર્બન હેલ્થ સેન્ટર,પહેલો માળ,રામવાડી પાણીની ટાંકી,ઈસનપુર રોડ | સોમ થી શનિ |
| ૨૧ | વટવા | વટવા અર્બન હેલ્થ સેન્ટર, વટવા પ્રસુત્તિગૃહ,કાશીબા જનરલ હોસ્પિટલ,વટવા ગામ | સોમ,બુધ,શુક્ર |
| ૨૨ | નિકોલ | નવા નરોડા અર્બન હેલ્થ સેન્ટર,બેટી બચાવો મેદાન પાસે,નવા નરોડા | સોમ થી શનિ |
| ૨૩ | વિરાટનગર | વિરાટનગર અર્બન હેલ્થ સેન્ટર, નિકોલ રોડ,મસ્ટર સ્ટેશનના મકાનમાં,લીલા નગર સ્મશાનગૃહની સામે, | મંગળ,ગુરૂ,શનિ |
| ૨૪ | બાપુનગર | બાપુનગર અર્બન હેલ્થ સેન્ટર,વિરાટનગર રોડ, મરઘા ફાર્મની પાસે, બાપુનગર | સોમ થી શનિ |
| ૨૫ | ગોમતીપુર | ગોમતીપુર અર્બન હેલ્થ સેન્ટર,રેફરલ હોસ્પીટલના મકાનમાં,ગોમતીપુર દરવાજા,ગોમતીપુર | સોમ થી શનિ |
| ૨૬ | ઓઢવ | ઓઢવ અર્બન હેલ્થ સેન્ટર, જુની કરશનનગર મ્યુ. ગુજરાતી શાળાના મકાનમાં,રબારી વસાહત | મંગળ,ગુરૂ,શનિ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | વસ્ત્રાલ | વસ્ત્રાલ અર્બન હેલ્થ સેન્ટર,બસ સ્ટેન્ડ પાસે,રીંગ રોડ પાસે,વસ્ત્રાલ ગામ | મંગળ,ગુરૂ,શનિ |
| ૨૮ | ભાઈપુરા-હાટકેશ્વર | ભાઈપુરા અર્બન હેલ્થ સેન્ટર, હાટકેશ્વર બસ ડેપો પાસે,એકતા એપાર્ટમેન્ટ સામે,સીટીએમ રોડ,હાટકેશ્વર | સોમ થી શનિ |
| ૨૯ | અમરાઇવાડી | અમરાઇવાડી અર્બન હેલ્થ સેન્ટર ,યુ.સી.ડી. સેન્ટરના મકાનમાં,સ્વસ્તિક ચાર રસ્તા પાસે,અમરાઈવાડી | સોમ,બુધ,શુક્ર |
| ૩૦ | રામોલ-હાથીજણ | રામોલ અર્બન હેલ્થ સેન્ટર,રામોલ ગામ | મંગળ,ગુરૂ,શનિ |
| ૩૧ | ચાંદખેડા | ચાંદખેડા ગામ,જુની પંચાયતના મકાનમાં | સોમ થી શનિ |
| ૩૨ | સાબરમતી | સાબરમતી અર્બન હેલ્થ સેન્ટર, રામનગર પ્રસ્રુતિગૃહના મકાનમાં,પુખરાજ હોસ્પિટલ પાસે,સાબરમતી | સોમ થી શનિ |
| ૩૩ | નારણપુરા | નારણપુરા મસ્ટર સ્ટેશનના મકાનમાં,કામેશ્વર મહાદેવના મંદિર પાસે, અંકુર બસ સ્ટેન્ડ પાસે.નારણપુરા | સોમ થી શનિ |
| ૩૪ | નવા વાડજ | નવા વાડજ અર્બન હેલ્થ સેન્ટર,પાર્થ ટાવર પાછળ,પૂનમ પાર્ટી પ્લોટ પાસે, | સોમ થી શનિ |
| ૩૫ | સ.પ.સ્ટેડીયમ | સ્ટેડિયમ અર્બન હેલ્થ સેન્ટર, કરુણા ટ્રસ્ટના મકાનમાં, ઉસ્માનપુરા ચાર રસ્તા | સોમ થી શનિ |
| ૩૬ | નવરંગપુરા | નવરંગપુરા અર્બન હેલ્થ સેન્ટર, એઇડ્સ કંટ્રોલ સોસાયટી પાસે,લાલ બંગલા | સોમ થી શનિ |
| ૩૭ | પાલડી | પાલડી અર્બન હેલ્થ સેન્ટર,ગુજરાત સંશોધન મંડળ,પારેખવાસ,વિમા યોજના ડિસ્પેન્સરી સામે, પાલડી | સોમ થી શનિ |
| ૩૮ | વાસણા | વાસણા અર્બન હેલ્થ સેન્ટર, કેન્સર હોસ્પીટલના કમ્પાઉન્ડમાં, પ્રવિણનગરના બસ સ્ટેન્ડ પાસે, વાસણા | સોમ થી શનિ |
| ૩૯ | ગોતા | સાયન્સ સીટી રોડ,સત્યમ ચોકડી,કુંજ બંગ્લોઝ સામે,પાણીની ટાંકી પાસે,સોલા | સોમ થી શનિ |
| ૪૦ | ચાંદલોડિયા | ચાંદલોડીયા અર્બન હેલ્થ સેન્ટર, બળીયાબાપાના મંદિર સામે,ચાંદલોડીયા બ્રીઝ પાસે, | સોમ થી શનિ |
| ૪૧ | રાણીપ | રાણીપ અર્બન હેલ્થ સેન્ટર, અન્નપુર્ણા વાડી સામે ,રુપકમલ સોસાયટી સામે,ગાયત્રી મંદિર રોડ,રાણીપ | સોમ થી શનિ |
| ૪૨ | ઘાટલોડીયા | ઘાટલોડીયા અર્બન હેલ્થ સેન્ટર,ચાણકયપુરી બ્રીઝ,ઘાટલોડીયા | સોમ થી શનિ |
| ૪૩ | થલતેજ | થલતેજ અર્બન હેલ્થ સેન્ટર, સમાજવાડીના મકાનમાં,રોટલા કેન્દ્ર પાસે,થલતેજ ગામ | સોમ થી શનિ |
| ૪૪ | બોડકદેવ | વસ્ત્રાપુર સીટી સીવીક સેન્ટર, પંચાયતની ઓફિસમા મકાનમાં,વસ્ત્રાપુર તળાવ પાસે,વસ્ત્રાપુર ગામ | સોમ થી શનિ |
| ૪૫ | સરખેજ | સરખેજ અર્બન હેલ્થ સેન્ટર,સી.એચ.સી.બિલ્ડીગ,આઇ.ટી.આઇ. ની સામે ,સરખેજ ગામ | સોમ થી શનિ |
| ૪૬ | મકતમપુરા | સંકલીતનગર અર્બન હેલ્થ સેન્ટર, સંકલીતનગર,મકતમપુરા | સોમ થી શનિ |
| ૪૭ | જોધપુર | જોધપુર અર્બન હેલ્થ સેન્ટર,અનુપમ સોસા.વિ-૨ની સામે,રાઠી હોસ્પિટલ,આદિત્ય પ્લાઝ બિલ્ડીગ પાસે,જોધપુર ગામ રોડ | સોમ થી શનિ |
| ૪૮ | વેજલપુર | વેજલપુર અર્બન હેલ્થ સેન્ટર,પી.એસ.સી.ના મકાનમાં,પાણીની ટાંકી પાસે,વેજલપુરગામ | સોમ થી શનિ |
| ૪૯ | સિવિલ હોસ્પિ. | સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં,અસારવા | સોમ થી શનિ |
| ૫૦ | વી.એસ.હોસ્પિ | વી.એસ.હોસ્પિટલના કમ્પાઉન્ડમાં,એલીસબ્રીઝ | સોમ થી શનિ |

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## સ્મશાનગૃહોની માહિતી :- (હેલ્થ જન્મ મરણ વિભાગ)

| ક્રમ | સ્મશાનગૃહનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | એલિસબ્રિજ સ્મશાનગૃહ | વા.સા.હોસ્પિટલ પાછળ, કાગદીવાડ, સામે, એલિસબ્રીજ, અમદાવાદ. |
| ૨ | વાડજ સ્મશાનગૃહ | વાડજ, દશામાના મંદિર પાસે, ગાંધી પગદંડી પૂલ પાસે, અમદાવાદ. |
| ૩ | સાબરમતિ સ્મશાનગૃહ | અચેર ગામ, સાબરમતી પાવર હાઉસ પાછળ, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| ૪ | દુધેશ્વર સ્મશાનગૃહ | પાણીની ટાંકી પાસે, દુધેશ્વર, અમદાવાદ. |
| ૫ | નરોડા સ્મશાનગૃહ | દહેગામ રોડ, ખારીકટ કેનાલ ની પાસે, નરોડા, અમદાવાદ. |
| ૬ | સૈજપુર સ્મશાનગૃહ | એસ.આર.પી.ક્વાટર્સ સામે, કૃષ્ણનગર પાસે, સૈજપુર બોઘા. |
| ૭ | ઠક્કરનગર સ્મશાનગૃહ | નિકોલ રોડ, ઠક્કરનગર, અમદાવાદ. |
| ૮ | ઓઢવ સ્મશાનગૃહ | આશિષ સિનેમા પાછળ, ઓઢવ, અમદાવાદ. |
| ૯ | ખોખરા સ્મશાનગૃહ | હાટકેશ્વર બસ ટર્મિનલ ની પાછળ, હાટકેશ્વર ચાર રસ્તા પાસે, અમદાવાદ. |
| ૧૦ | રખિયાલ સ્મશાનગૃહ | ઝવેરી વોચ કંપની પાસે, જુની દુધની ડેરી, સુખરામનગર રોડ, અમદાવાદ. |
| ૧૧ | ચામુંડા સ્મશાનગૃહ | અશોક મિલ |
| ૧૨ | ઈસનપુર સ્મશાનગૃહ | રામવાડી ઈસનપુર તળાવ ઉપર, અમદાવાદ. |
| ૧૩ | સપ્તર્ષિ સ્મશાનગૃહ | જમાલપુર, કેલીકોમીલ પાસે, ફુલબજાર સામે, અમદાવાદ. |
| ૧૪ | થલતેજ સ્મશાનગૃહ | ગુરુદ્વારા પાસે,એસ.જી,હાઈવે.,થલતેજ. |
| ૧૫ | સરખેજ સ્મશાનગૃહ | સરખેજ ગામ,સરખેજ. |
| ૧૬ | વેજલપુર સ્મશાનગૃહ | વેજલપુર ગામ,વેજલપુર. |
| ૧૭ | ચાંદખેડા સ્મશાનગૃહ | ચાંદખેડા ગામ,ચાંદખેડા. |
| ૧૮ | વટવા સ્મશાનગૃહ | વટવા ગામ,વટવા. |
| ૧૯ | વાસણા સ્મશાનગૃહ | વાસણા બેરેજ રોડ,વાસણા |
| ૨૦ | નારોલ સ્મશાનગૃહ | સર્વે નં.૧૦૭,ફા.પ્લોટ નં.૯૦,લાંભા,અમદાવાદ |
| ૨૧ | નરોડા મુઠીયા સ્મશાનગૃહ | જી.આઈ.ડી.સી.માં,મુઠીયા ગામ |
| ૨૨ | ગોતા સ્મશાનગૃહ | ઈટાલીયન માર્બલની સામે,ગોતા ગામ,અમદાવાદ. |
| ૨૩ | રામોલ સ્મશાનગૃહ | અંબાજી મંદિરની સામે,વ્હુ તળાવ,રામોલ રીંગ રોડ પાસે,રામોલ |
| ૨૪ | શાંતિપુર સ્મશાનગૃહ (ખાનગી) | શંકર ભુવન પાછળ,શાહપુર. |
| ૨૫ | નિષ્કામ સેવા મંડળ (ખાનગી) | કોતરપુર,ભદ્રેશ્વર,અમદાવાદ |
| ૨૬ | દેવીપૂજક સ્મશાનગૃહ (ખાનગી) | નદી કિનારે,શાહપુર દરવાજા બહાર,દુધેશ્વર રોડ |

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

### કબ્રસ્તાનોની માહિતી દર્શાવતું પત્રક

| અ.નં. | કબ્રસ્તાનનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | અલ્લા માલીકનો તકીયો | અસારવા પરાં વોર્ડ નં.૩,કાંકરી કુઈ પાસે, રેલ્વે ઝાંપા પાસે,જગજીવનરામ પુલ નીચે,ઈદગા,અસારવા |
| ૨ | પીર અલીશાહ સુલેમાની કબ્રસ્તાન | અસારવા,અનીલ રોડ,નુતન મીલ્સની બાજુમાં |
| ૩ | કુતબી મઝાર વોરાના રોજા | અસારવા,નરોડા રોડ,અમદુપુરા પેટ્રોલપંપ પાસે |
| ૪ | બીમા કબ્રસ્તાન(બી.બી.મા.) | નરોડા રોડ પરાં વોર્ડ નં.૩, અસારવા ક્રોસીંગ પાસે. |
| ૫ | કેથોલીક સીમેટી | પ્રેમ દરવાજા બહાર,ગીરધરનગર રેલ્વે ક્રોસીંગ પાસે, કોમૅશિયલ મીલની બાજુમાં. |
| ૬ | મુસે સુહાગ | દિલ્હી દરવાજા પાસે,શાહીબાગ ક્રોસીંગ પાસે. |
| ૭ | બાવા ઢોકલ | દિલ્હી દરવાજા બહાર,દુધેશ્વર રોડ,અમદાવાદ. |
| ૮ | મોમના કુંભાર | દરિયાખાન ઘુમ્મટ પાસે,શાહીબાગ. |
| ૯ | લીલા ઘુમટ | દરીયાપુર કાઝીપુર   શાહીબાગ રેલ્વે ક્રોસીંગ, પાસે,બોમ્બે ગેરેજ પાસે |
| ૧૦ | સીયા ઈમામ ઈસ્માલીયા ખોજા | શાહીબાગ,દિલ્હી દરવાજા બહાર (ફકત સીયા ઈમામ ઈસ્માલીયા ખોજા કોમ માટે) |
| ૧૧ | કાગદીવાડ,મોમનાવાડ(બાવા તોકલ) | કોચરબ,એલીસબ્રીજ સ્કીમ નં.૩, (કાગદીના પંચ માટે) |
| ૧૨ | બાવા લોલી | કેલીકો મીલ પાસે,નદી કીનારે (સીયા તથા સુન્ની કોમ માટે) |
| ૧૩ | બુખારીનો છીલ્લો વલી સાહેબનો તકીયો | બહેરામપુરા પોલીસ ચોકી પાસે |

| | | |
|---|---|---|
| ૧૪ | ગંજ શહીદ ઉર્ફે બટાઉ શહીદની દરગાહ તથા કબ્રસ્તાન | સાંઈ એન્ડ સર્વિસ પાસે,દાણીલીમડા. |
| ૧૫ | પંચપીર કબ્રસ્તાન | ક્રિશ્ચિયન સોસાયટી સામે,ભુલાભાઈ ચાર રસ્તા પાસે |
| ૧૬ | ઈબ્રાહીમ સૈયદ | મજુર ગામ પાસે,કાંકરીયા |
| ૧૭ | છીપા જમાત | ગીતા મંદિર રોડ,શાહ આલમ (છીપા જમાત માટે) |
| ૧૮ | મૌલા આદમ | રાયપુર દરવાજા બહાર,સીટી મિલ સામે, કાંકરીયા રોડ.(દાઉદી વોરા માટે) |
| ૧૯ | મનસુરી(પીંજારા)કબ્રસ્તાન | ખોખરા પુલના છેડે.રેલ્વે યાર્ડ સામે,કાકંરીયા ઝુ પાછળ |
| ૨૦ | ક્રિશ્ચિયન સીમેટી બહાઈ | બહેરામપુરા રામરહીમ ટેકરા (ખ્રિસ્તીઓ માટે) |
| ૨૧ | શાહ આલમનો રોજો | શાહ આલમ રોડ,ચંડોળા તળાવના રસ્તે. |
| ૨૨ | સાલ્વેશન આર્મી (ઘંટી ટેકરા) | બહેરામપુરા સુએઝ ફાર્મ રોડ, ઘંટી ટેકરા(ખ્રિસ્તીઓ માટે) |
| ૨૩ | મરીયમજી મણીયાર(મરીયમબીબી) | રાજપુર હીરપુર, મણીયારવાડા, ગોમતીપુર મણીયાર જમાત પાસે |
| ૨૪ | ચાર તોડા કબ્રસ્તાન | ગોમતીપુર ચાર રસ્તા,પુજારીની ચાલી સામે, (મુસ્લીમ કોમ માટે) |
| ૨૫ | પીર બાકરશાબાવા | ગોમતીપુર પુજારીની ચાલીની અંદર(મોમીન જમાત માટે) |
| ૨૬ | ખોજા સીયા કબ્રસ્તાન | ગોમતીપુર કાલીદાસ મીલ સામે,પેટ્રોલ પંપની બાજુમાં,ગોમતીપુર(ખોજા મુસ્લીમ માટે) |
| ૨૭ | બીબીજી કબ્રસ્તાન | રાજપુર,ટોપી મીલની પાછળ,ઝુલતા મીનારા(સુન્ની મુસ્લીમ કોમ માટે) |
| ૨૮ | નરોડા ગામ કબ્રસ્તાન | નરોડા સ્મશાનગૃહ સામે,નરોડા એસ.ટી.બસ સ્ટેન્ડની બાજુમાં,નરોડા. |
| ૨૯ | તાજેબાગ કબ્રસ્તાન | વટવા કેનાલ પાસે,મુરલીધર સોસાયટી વિ-ર ની પાછળ,સદાની ધાબી બસ સ્ટેન્ડ પાસે. |
| ૩૦ | વટવા ગામ મુસ્લીમ કબ્રસ્તાન | વટવા ગામ, પોલીસ સ્ટેશન આગળ. |
| ૩૧ | તાજપીર કબ્રસ્તાન | સરખેજ |
| ૩૨ | પારસી અગિયારી | જશોદાનગર ચાર રસ્તા, વટવા. |
| ૩૩ | પીર કમાલ કબ્રસ્તાન | નગરી આંખની હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ. |

**(૧૬) જાહેર માહિતી અધિકારી :-**

| | | |
|---|---|---|
| ૧ | અપીલ અધિકારી | એડી. એમ.ઓ.એચ (ICDS) |
| ૨ | માહિતી અધિકારી | સુપ્રિ.ઓફ વેકસીનેશન & આર.બી.ડી. |

**(૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :-**

જન્મ, મરણ, બાળ-મરણ, માતૃમરણને લગતી માહિતીનું પત્રક તથા લગ્ન નોંધણીને લગતી સુચનાઓનું પત્રક આ સાથે સામેલ કરેલ છે.

તા.૦૯-૦૮-૨૦૧૮

સુપ્રિ.ઓફ વેકસીનેશન & આર.બી.ડી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ૧. **<u>જન્મ દાખલામાં બાળકનું નામ દાખલ કરવા માટે</u>**

- <u>બાળક નાની ઉમરનું છે / સ્કૂલમાં જતુ ન હોઈ તેવા કિસ્સામાં</u>
- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકનાં જન્મ દાખલાની નકલ
- માતા-પિતાનો એક એક પુરાવો (જો જન્મ દાખલામાં અટક ન હોઈ તો પિતાના બે અટક વાળા પુરાવા)
- <u>બાળક સ્કૂલમાં જતુ હોઈ/ અભ્યાસ પૂર્ણ થયેલ હોઈ તેવા કિસ્સામાં</u>
- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકનાં જન્મ દાખલાની નકલ
- બાળક સ્કૂલમાં જતુ હોય તો સ્કૂલ બોનોફાઈડ / બાળકનું સ્કૂલ એલ.સી./સ્કૂલનો કોઈ પણ એક પુરાવો જેમાં બાળકનું પુરુ નામ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય.
- માતા-પિતાનાં એક-એક પુરાવા. (જો જન્મ દાખલામાં અટક પણ ન હોઈ તો પિતાનાં બે અટક વાળા પુરાવા માતા-પિતા હયાત ન હોઈ તો તેમનું મરણ સર્ટીફીકેટ  રજુ કરવું)
- બાળક જો પુખ્ન વયનું હોઈ તો તેમનું ફોટો આઈ.ડી.પ્રુફ
- <u>બાળક અભણ હોઈ તેવા કિસ્સામાં</u>
- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકનાં જન્મ દાખલાની નકલ
- માતા-પિતાનાં એક-એક પુરાવા. (જો જન્મ દાખલામાં અટક પણ ન હોઈ તો પિતાનાં બે અટક વાળા પુરાવા માતા-પિતા હયાત ન હોઈ તો તેમનું મરણ સર્ટીફીકેટ  રજુ કરવું)
- બાળક જો પુખ્ન વયનું હોઈ તો તેમનું ફોટો આઈ.ડી. પ્રુફ
- બાળક પોતાની અભણ અંગેની એફીડેવીટ, તેમજ બે સાક્ષીઓની અભણ તરીકે ઓળખે છે તેવી સયુંકત એફીડેવીટ લેવી. તથા તેમના આઈ.ડી.પ્રુફ લેવા.

## ૨. **<u>જન્મ દાખલામાં સરનેમ(અટક) ઉમેરવા માટે</u>**

- અટક દાખલનું ફોર્મ (જન્મદાખલો સુધારાનું ફોર્મ)
- બાળકનાં જન્મદાખલાની નકલ
- બાળક સ્કૂલમાં જતુ હોય તો સ્કૂલ બોનોફાઈડ / બાળકનું સ્કૂલ એલ.સી./સ્કૂલનો કોઈ પણ એક પુરાવો જેમાં બાળકનું પુરુ નામ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય. (<u>જો હોઈ તો</u>)
- પિતાના અટક વાળા બે પુરાવા/ પિતા મૃત્યુ પામેલ હોઈ તો પિતાનો મરણ દાખલો)
- માતાનો અટક વાળો એક પુરાવો.
- જરુર જણાઈ તો એફીડેવીટ કરાવવી.
- 

<u>ખાસ નોધ</u> : ઘણા કિસ્સામાં બાળક તથા પિતાની અટક ફેર હોય છે. તેવા સંજોગોમા પિતાના નામના કોલમમાં ફક્ત પિતાની જ અટક આવશે. બાળક ની અટક ફેર ની એફિડેવિટ લાવવી.

### ૩. <u>જન્મદાખલામાં બાળકનું નામ સુધારો કરવા માટે</u>

(હાલમાં બાળકનાં નામમાં ફકત સામાન્ય જ સુધારો થાય છે. જેમ કે ભાઈ, કુમાર, સિંહ, સિંગ, બેન, કુમારી વગેરે. <u>તેમજ જો બાળકનાં નામ નાં ભાવાર્થમાં ફેરફાર થતો ન હોઈ તો જ બાળકનું નામ સુધારવુ</u>.)

- જન્મદાખલો સુધારાનું ફોર્મ
- બાળકનાં જન્મદાખલાની નકલ
- બાળક સ્કૂલમાં જતુ હોય તો સ્કૂલ બોનોફાઈડ / બાળકનું સ્કૂલ એલ.સી./સ્કૂલનો કોઈ પણ એક પુરાવો જેમાં બાળકનું પુરુ નામ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય. (<u>જો હોઈ તો</u>)
- બાળક જો પુખ્ત વયનું હોઈ તો તેમનું ફોટો આઈ.ડી. પ્રુફ
- માતા-પિતાનો એક-એક પુરાવો.
- જરુર જણાય તો જ એફીડેવીટ.

### ૪. <u>જન્મ દાખલામાં માતા-પિતાના નામ માંથી ભાઈ/બેન/કુમાર/કુમારી કમી કરાવવા માટે</u>

- જન્મદાખલો સુધારાનું ફોર્મ
- બાળકનાં જન્મદાખલાની નકલ
- માતા-પિતાનાં બે પુરાવા (માતાનાં પતિના નામ સાથેના પુરાવા)

### ૫. <u>જન્મ દાખલામાં પિતાનું નામ સુધારો કરવા માટે</u>

- જન્મદાખલો સુધારાનું ફોર્મ
- બાળકનાં જન્મદાખલાની નકલ
- બાળક સ્કૂલમાં જતુ હોય તો સ્કૂલ બોનોફાઈડ / બાળકનું સ્કૂલ એલ.સી./સ્કૂલનો કોઈ પણ એક પુરાવો જેમાં બાળકનું પુરુ નામ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય.
- પિતાના સાચા નામ સાથેનાં બે પુરાવા
- માતાના પતિનાં નામ સાથેના બે પુરાવા
- રેશનકાર્ડની નકલ
- જો બીજુ બાળક હોઈ તો તેમના જન્મ દાખલાની નકલ
- લગ્ન સર્ટીફીકેટ/ લગ્ન કંકોત્રી/ મેરેજ મેમોરેન્ડમ
- બે સાક્ષીઓના એકરારનામાં (આઈ.ડી. પ્રુફ સાથે)
- પિતાના નામમાં જો હોસ્પિટલ દ્વારા ભુલ થયેલ હોઈ તો હોસ્પિટલનુ સુધારા સ્ટેટમેન્ટ (એક વર્ષ સુધી)
- સુધારા માટેની તાજેતરમાં કરાવેલ ૨૦/- રૂપિયાનાં સ્ટેમ્પ પર કરાવેલ નોટરી વાળી એફીડેવીટ, અને એફીડેવીટ કરનારનું આઈ.ડી. પ્રુફ.
- જરૂર જણાઈતો અન્ય બે સાક્ષીઓની સુધારા અંગેની સંયુકત એક એફીડેવીટ તેમજ તેમના આઈ.ડી. પ્રુફ

૬. <u>**જન્મ દાખલામાં માતંનું નામ સુધારો કરવા માટે**</u>

- જન્મદાખલો સુધારાનું ફોર્મ
- બાળકનાં જન્મદાખલાની નકલ
- માતાના પતિનાં નામ સાથેના બે પુરાવા
- પિતાના એક પુરાવા
- રેશનકાર્ડની નકલ
- જો બીજુ બાળક હોઈ તો તેમના જન્મ દાખલાની નકલ
- લગ્ન સર્ટીફીકેટ/ લગ્ન કંકોત્રી/ મેરેજ મેમોરેન્ડમ
- બે સાક્ષીઓના એકરારનામાં (આઈ.ડી.પ્રુફ સાથે)
- માતાનાં નામમાં જો હોસ્પિટલ દ્વારા ભુલ થયેલ હોઈ તો હોસ્પિટલનુ સુધારા સ્ટેટમેન્ટ (એક વર્ષ સુધી)
- સુધારા માટેની તાજેતરમાં કરા+વેલ ૨૦/- રૂપિયાનાં સ્ટેમ્પ પર કરાવેલ નોટરી વાળી એફીડેવીટ, અને એફીડેવીટ કરનારનું આઈ.ડી. પ્રુફ.

જરૂર જણાઈતો અન્ય બે સાક્ષીઓની સુધારા અંગેની સંયુકત એક એફીડેવીટ તેમજ તેમના આઈ.ડી. પ્રુફ

૭. <u>**મરણ દાખલામાં સુધારો કરવા માટે**</u>

સામાન્ય રીતે મરણનાં કિસ્સામાં સુધારો થતો નથી. મરણદાખલામાં સુધારા માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો. <u>પરંતુ સામાન્ય એવા કિસ્સામાં મરણના દાખલામાં સુધારો કરવા માટે નીચે મુજબના પુરાવા લેવા</u>

- મરણનું સુધારા ફોર્મ
- મરણદાખલાની નકલ
- મરનાર વ્યકિતનાં કોઈપણ બે પુરાવા
- અરજદારનું આઈ.ડી.પ્રુફ
- સ્મશાન/કબ્રસ્તાન ની પહોંચ, લાકડાની પહોંચ
- હોસ્પિટલનો સુધારા સ્ટેટમેન્ટ (ઓરીજનલ)
- અરજદારની સુધારા અંગેની એફીડેવીટ
- સાક્ષીનાં એકરારનામાં (જરુર જણાય તો બે સાક્ષીઓની સંયુકત એફીડેવીટ)
- જરુરી એવા કિસ્સામાં પોલીસ પંચનામું, પી.એમ. રીપોર્ટ , NOC કાગળ

# લગ્નનોંધણી (મેરેજ રજીસ્ટ્રેશન)અંગે માર્ગદર્શક સુચનાઓ

- ❖ જન્મ-મરણની નોંધણી અનુસાર લગ્નની નોંધણી પણ જે સ્થળે લગ્ન થયેલ હોય તે વોર્ડના જન્મ-મરણ નોંધણી કેન્દ્ર ઉપર કરવામાં આવે છે.
- ❖ લગ્નનોંધણી અંગેના તમામ અરજીફોર્મ વિના મુલ્યે આપવામાં આવે છે.
- ❖ લગ્નનોંધણી માટે અરજદારે અરજીફોર્મ (નમુનો-૧) ભરીને આપવાનું રહેશે.
- ❖ અરજીફોર્મ સાથે અરજદારે લગ્નનોંધણીની યાદી બે કોપીમાં ભરીને આપવાની રહેશે જે દરેક કોપી ઉપર રુ.૧૦૦/- નો એગ્રીમેન્ટ સ્ટેમ્પ લગાવવાનો રહેશે.
- ❖ અરજીફોર્મ તથા લગ્નનોંધણીની યાદી અરજદારે જે ભાષા(ગુજરાતી અથવા અંગ્રેજી)માં મેરેજ સર્ટીફિકેટ જોઈતું હોય તે ભાષામાં ભરવાના રહેશે.
- ❖ લગ્નનોંધણીની યાદીમાં વર,કન્યા,લગ્નની વિધિ કરાવનાર તથા બે સાક્ષીઓ વગેરેની સહી કરાવવાની રહેશે.
- ❖ લગ્નની વિધિ કરાવનાર વ્યકિતની લગ્નનોંધણીની યાદીમાં સહી કરાવવાની રહેશે તથા તેમનું ફોટો-આઈડેન્ટી કાર્ડ(ઓળખપત્ર)રજુ કરવાનું રહેશે.
- ❖ વર તથા કન્યા બન્નેનો જન્મનો દાખલો અથવા સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ ફરજીયાત રજુ કરવાનું રહેશે.તથા લગ્નની આમંત્રણપત્રિકા જો હોય તો રજુ કરવાની રહેશે.
- ❖ અન્ય પુરાવામાં વર, કન્યા તથા બન્ને સાક્ષીઓની ઓળખ માટે પાસપોર્ટ અથવા ઈલેકશન કાર્ડ અથવા રેશનકાર્ડ અથવા પાન કાર્ડ અથવા નોકરીએ રાખનાર સંસ્થાનું ફોટો આઈ-કાર્ડ વગેરેમાંથી કોઈ પણ એક પુરાવો રજુ કરવાનો રહેશે.
- ❖ લગ્નની નોંધણી માટે નીચે મુજબ ફી ભરવાની રહેશે.
  લગ્નની તારીખના ૩૦ દિવસ સુધી રુ.૫/-
  લગ્નની તારીખના ૩૦ દિવસ બાદ પણ ત્રણ માસ સુધી રુ.૧૫/-
  લગ્નની તારીખથી ત્રણ માસ બાદ રુ.૨૫/-
- ❖ અરજી ફોર્મ, લગ્નનોંધણીની યાદી, નિર્ધારિત કરેલ ફી તથા તમામ પુરાવા ચકાસી સબ-રજીસ્ટ્રારશ્રી દ્વારા લગ્નનોંધણી પ્રમાણપત્ર(મેરેજ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ) આપવામાં આવશે.
- ❖ લગ્નની નોંધણી એક વાર થઈ ગયા બાદ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ રુ.૧૦/- ફી ભરેથી,લગ્નનોંધણી યાદીની પ્રમાણિત નકલ રુ.૩૦/- ફી ભરેથી તથા લગ્ન રજીસ્ટરના ઉતારાની નકલ રુ.૧૦/- ફી ભરેથી મળી શકશે.
- ❖ લગ્નના “ નો રેકર્ડ પ્રમાણપત્ર ” માટે રુ.૨૫/- ફી ભરવાની રહેશે.
- ❖ મેરેજ રજીસ્ટ્રેશન અંગેની કાર્યપધ્ધતિ અથવા તે અંગેની અન્ય કોઈ પણ પ્રકારની ફરિયાદ હોય તો તે અંગે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ વિભાગ, આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, આસ્ટોડીયા દરવાજા પાસે, ગીતા મંદિર રોડ, અમદાવાદ ખાતે લેખિત અથવા મૌખિક રજુઆત કરવી.(ફોન નંબર-૨૫૩૯૦૬૫૧)

# એનેક્ષર-એ

(સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧-૫-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક-પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઈસેલનું બિડાણ)

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મારી વડી કચેરી હેલ્થ જન્મ મરણ ખાતું મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતગર્ત સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએકટીવ ડીસ્કલોઝર)(P.A.D) તૈયાર કરવામાં આવી છે અને તા.૧/૫/૨૦૧૮ ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે જેનું અમારા દ્વારા માહે મે/જુન(૨૦૧૮) દરમ્યાન ઈન્સ્પેકશન-કમ-ઓડીટ કરવામાં આવ્યું છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપૂરતી વિગતો જણાઈ હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

તા.૩૦-૦૬-૧૮(૨૦૧૮)ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળોના પ્રોએકટીવ ડીસ્કલોઝર(P.A.D.)નું ઈન્સ્પેકશન કમ-ઓડીટ બાકી રહેલ નથી.

તા.૦૯-૦૮-૨૦૧૮
મુખ્ય મથક - આરોગ્ય ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડ સામે,
આસ્ટોડીયા દરવાજા પાસે, ગીતા મંદિર રોડ,
અમદાવાદ.

**(કલે./જ.વિ.અ./ખાતાના વડા/મે.ડી,ની સહી)**
**હોદ્દો-સુપ્રી.ઓફ વેકસીનેશન & આર.બી.ડી.**
**કચેરીનું નામ-હેલ્થ જન્મ મરણ ખાતુ**

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
### હેલ્થ જન્મ-મરણ વિભાગ

ગ્રાઉન્ડ ફ્લોર, આરોગ્ય ભવન, સેન્ટ્રલ એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર, અમદાવાદ
**ટેલિફોન નં. ૦૭૯-૨૫૩૯૦૬૫૧ email:amcrbd@gmail.com**


તા.૦૯-૦૮-૨૦૧૮

પ્રતિ,
આસી.મેનેજરશ્રી,
આર.ટી.આઈ.સેલ વિભાગ,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
અમદાવાદ.

વિષય : માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.ઓકટીવ ડિસ્કલોઝર અધ્યતન કરવા તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર મોકલી આપવા બાબત.

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.ઓકટીવ ડિસ્કલોઝર તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર અધ્યતન સાથે હેલ્થ જન્મ મરણ ખાતાનું આ સાથે સામેલ કરેલ છે.જે જાણમાં લેવા આપશ્રીને વિનંતી છે.

**સુપ્રી.ઓફ વેકસીનેશન & આર.બી.ડી.**
**હેલ્થ જન્મ મરણ લગ્ન ખાતુ**